
Digital India
Power To Empower
सत्यमेव जयते
Ministry of Electronics and Information Technology
Government of India
CSC
e-Governance Services India Limited
બનો કેશલેસ ...
બનો ડિજીટલ...
સીએસસી દ્વારા ડિજિટલ નાણાકીય સમાવેશ જાગૃતિ અને ઉપલ્બધતા
UPI
યુપીઆઈ
USSD
યુએસએસડી
E-Wallet
ઈ-વૉલેટ
AADHAAR
આધાર ઇનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ
કાર્ડ્સ, પીઓએસ

**માર્ગદર્શિકા : ડિજિટલ નાણાકીય જાગૃતિ અને વપરાશ**

# સીએસસી એ-ગર્વનન્સ સર્વિસિસ ઈન્ડિયા લિ.

**ડિજિટલ નાણાકીય જાગૃતિ અને વપરાશ પરની માર્ગદર્શિકા**

## Contents


1. પ્રસ્તાવના ..... 4

2. સામાન્ય સેવા કેન્દ્રો (સીએસસી): પરિચય ..... 4

3. માહિતી પ્રસારણના માધ્યમ: ..... 5

4. ડિજીટલ નાણાંકીય સેવાઓ ..... 6

4.1. કાર્ડ્સ ..... 7

4.1.1. કાર્ડ્સ શું છે? ..... 7

4.1.2. કાર્ડ્સના જુદાજુદા પ્રકારો ક્યા ક્યા છે? ..... 7

4.1.3. ડેબિટ/ક્રેડિટ કાર્ડ્સનો ઉપયોગ કેવી રીતે કરવો? ..... 8

4.1.4. શા માટે મારે આ કાર્ડ્સનો ઉપયોગ કરવો જોઈએ? ..... 8

4.1.5. કાર્ડ કેવી રીતે મેળવવું? ..... 9

4.2. યુએસએસડી (અનસ્ટ્રકચર્ડ સપ્લીમેન્ટરી સર્વિસ ડેટા) ..... 9

4.2.1. યુએસએસડી શું છે? ..... 9

4.2.2. તમારે શેની જરૂર છે? ..... 10

4.2.3. હું તેનો ઉપયોગ કેવી રીતે કરું? ..... 10

4.2.4. યુએસએસડીના ફાયદા કયા કયા છે? ..... 10

4.2.5. યુએસએસડી સુવિધાના ઉપયોગ માટેના પગલાં ..... 10

4.2.6. ઉપલબ્ધ સેવાઓ: ..... 11

4.3. એઈપીએસ (આધાર ઈનેબલ પેમેન્ટ સિસ્ટમ) ..... 12

4.3.1. એઈપીએસ શું છે? ..... 12

4.3.2. એઈપીએસ સક્રિય બનાવવા મારે શેની જરૂર છે? ..... 12

4.3.3. શા માટે મારો એનો ઉપયોગ કરવો જોઈએ? ..... 12

4.3.4. એઈપીએસ વ્યવહાર માટેના મુખ્ય પગલાં નીચે મુજબ છે: ..... 13

4.3.5. શા માટે મારો એનો ઉપયોગ કરવો જોઈએ? ..... 13
4.4. યુપીઆઈ (યુનીફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ) ..... 14
4.4.1. યુપીઆઈ શું છે? ..... 14
4.4.2. તમારે શેની જરૂર છે? ..... 14
4.4.3. તે કેવી રીતે કામ કરે છે? ..... 14
4.4.4. વિશેષતાઓ અને લાભ કયા કયા છે? ..... 15
4.5. ઈ-વોલેટ ..... 16
4.5.1. ઈ-વોલેટ શું છે? ..... 16
4.5.2. ઈ-વોલેટની વિશેષતાઓ ..... 16
4.5.3. તે કેવી રીતે કામ કરે છે? ..... 17
4.5.4. હું ઇ-વોલેટનો ઉપયોગ કેવી રીતે કરું? ..... 17
5. વીએલઈઓ અને પ્રોજેક્ટમાં તેમની ભૂમિકા: ..... 17
5.1. વીએલઈ સમાજની ભૂમિકા ..... 19
5.2. ઇન્સેન્ટીવ્ઝ ..... 19
5.3. વીએલઈઓ માટે સૂચનો ..... 19
6. સમર્થન ..... 19
વીએલઈ દ્વારા ઉપયોગમાં આવનાર બેનર: ..... 20

## 1. પ્રસ્તાવના

ભારત સ્થાયી વિકાસની પ્રાપ્તિ પર ફોકસ ધરાવતી વિકાસશીલ અર્થવ્યવસ્થા છે. સ્થાયી વિકાસ પ્રાપ્ત કરવા માટે, એ મહત્વપૂર્ણ છે કે સમાજના તમામ વિભાગોને સમાન અવસર મળે અને તેઓ રાષ્ટ્ર નિર્માણમાં ભાગ લે.

ડિજીટલ નાણાંકીય સાક્ષરતાની જાગૃતિનો અભાવ, ખાસ કરીને ગ્રામીણ જનતામાં દેશમાં એક મુખ્ય પડકાર છે, ભારતને કેશલેસ અર્થવ્યવસ્થા બનાવવા માટેના ભારતના તાજેતરના વિમુદ્રીકરણ અને યોજનાઓની દૃષ્ટિએ. નાગરિકોમાં ડિજીટલ નાણાંકીય સેવાઓ સંબંધે જાગૃતિ પેદા કરવાની અને તેઓને ડિજીટલ નાણાંકીય સેવાઓના વિકલ્પોનો વપરાશ કરવા સક્ષમ બનાવવાની/સમર્થન આપવાની તાતી જરૂર છે, ખાસ કરીને ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં.

આ પ્રોજેક્ટનું લક્ષ્ય દેશભરમાં આવેલી તમામ ૨,૫૦,૦૦૦ પંચાયતોમાં ૨,૦૦,૦૦૦ સીએસસીની મદદથી ૨૫ (પચીસ) લાખ વેપારીઓ અને ૧ (એક) કરોડ નાગરિકોની ડિજીટલ નાણાંકીય સાક્ષરતા માટે નોંધણી કરવા તેમજ તેઓને ડિજીટલ નાણાંકીય સાક્ષરતા આપવાનો છે. ઉદ્દેશ્ય છે સીએસસીને ડિજીટલ નાણાંકીય હબ બનવા સક્ષમ બનાવવાનો, ગ્રામીણ નાગરિકો માટે સરકારી નીતિઓ અને ડિજીટલ નાણાંકીય વિકલ્પો પર જાગૃતિદાયક સત્રોનું આયોજન કરીને અને વિવિધ હિતધારકો દ્વારા આઈએમપીએસ, યુપીઆઈ, બેંક પીઓએસ મશીનો, વ. જેવી ડિજીટલ નાણાંકીય સેવાની વિવિધ પદ્ધતિઓના ઉપયોગમાં સમર્થન આપીને. ફોકસ ઈલેક્ટ્રોનીક પેમેન્ટ સિસ્ટમ (ઈપીએસ) સુધી પહોંચવા અને તેનો ઉપયોગ કરવા નાગરિકોને સક્ષમ બનાવવા; પંચાયત સ્તરે વેપારીઓને ઈપીએસના ઉપયોગ માટે સુગ્રહી અને સક્ષમ બનાવવા અને ગ્રામીણ ભારતમાં જાગૃતિ ફેલાવવા પર હશે.

ડિજીટલ નાણાંકીય સમાવેશ સિદ્ધ કરવા માટેના પગલાંઓમાં સામેલ છે:




આ કાર્યક્રમ માટેની અમલકર્તા એજન્સી છે સીએસસી ઈ-ગર્વનન્સ સર્વિસિસ ઈન્ડિયા લિ, ભારત સરકાર દ્વારા સ્થાપિત એક વિશેષ હેતુ માધ્યમ (સ્પેશિયલ પર્પઝ વેહિકલ - એસપીવી). સીએસસી એસપીવી પાસે સામાન્ય સેવા કેન્દ્રોના પોતાના નેટવર્ક મારફતે ઈચ્છિત માળખું છે અને ટેકનોલોજીની દરમિયાનગીરી મારફતે દેશભરમાં આવા ઉપક્રમો હાથ ધરવાની ક્ષમતા ધરાવે છે.

## 2. સામાન્ય સેવા કેન્દ્રો (સીએસસી): પરિચય

સામાન્ય સેવા કેન્દ્રો (સીએસસી) દેશના દૂરસુદૂર, ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોના નાગરિકો માટે વિવિધ ઈ-ગર્વનન્સ તથા વ્યવસાય સેવાઓના વિતરણ માટેના વપરાશ મથકો છે. તે એક અખિલ ભારતીય નેટવર્ક છે જે દેશની પ્રાદેશિક, ભૌગોલિક, ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાને પોષે છે, આમ સામાજિકપણે, નાણાંકીય રૂપે અને ડિજીટલી સમાવેશી સમાજના સરકારના આદેશને સમર્થન આપે છે.

ટેકનોલોજી મુખ્ય પાસાંઓમાંનું એક છે જેના મારફતે સંખ્યાબંધ લોકો ખાસ કરીને ગ્રામીણ ભારતના લોકો સુધી પહોંચી શકાય છે. સામાન્ય સેવા કેન્દ્રો (સીએસસી) દેશના ગ્રામીણ અને દૂરસુદૂરના વિસ્તારોમાં નાગરિકો માટે સરકારી અને જાહેર સેવાઓના અંતિમ વિતરણ મથક તરીકે કામ કરે છે. તેમનો ફેલાવો અને આઈસીટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઉપલબ્ધતાને કારણે, સીએસસીઓને વિવિધ સેવાઓ મારફતે ગ્રામીણ અને દૂરસુદૂરના વિસ્તારોમાં નાણાંકીય સમાવેશના પ્રસારનો આદેશ આપવામાં આવ્યો છે જે સેવાઓમાં સામેલ છે બેંક ખાતાઓ ખોલવાં, બેન્કિંગ સુવિધા, એમજીએનઆરઈજીએસનું વિતરણ અને વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓ હક્દારીઓ, વીમો અને પેન્શન વ. વળી, ગ્રામીણ જનતાને જાગૃત કરવા તથા ઔપચારિક નાણાંકીય પ્રણાલી હેઠળ તેઓ માટે ડિજીટલ નાણાંકીય સેવાઓની સુવિધા આપવા સીએસસીઓનો લાભ લઈ શકાય છે.

પ્રોજેક્ટના સફળ અમલીકરણ માટે, સીએસસી એસપીવી રાષ્ટ્રભરમાં નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરશે:

- જાગૃતિ માટે કાર્યશાળાઓનું આયોજન
- સમુદાયો સાથે સીએસસી વાતચીત
- સ્થાનિક આગેવાનો/અભિપ્રાય આપનારાઓનો સમાવેશ
- કોલેજ/શાળામાં સત્ર
- બજારની દુકાનોમાં માહિતી ઝુંબેશ
- અર્ધ શહેરી નગરપાલિકાઓનો સમાવેશ
- સ્થાનિક સ્તરે મેરાથોનનું આયોજન
- સ્પર્ધાઓ
- રેડિયો/ટીવી ટોક શોઝ

## 3. માહિતી પ્રસારણના માધ્યમ:



આ પ્રોજેક્ટમાં રાજ્ય સરકાર/જિલ્લા પ્રશાસન ખાતેના **સરકારી કર્મચારીઓ**; એનઆઈસી - એસઆઈઓ/ડીઆઈઓ; બેન્કો; અને પંચાયતો સામેલ હશે. તે વેપારી સંઘો; બજારની દુકાનો; વેપારીઓ/વિક્રેતાઓ વ. જેવી **એજન્સીઓ** તથા અર્ધ શહેરી/ગ્રામીણ જનતા;શાળાઓ/કોલેજો તેમજ મહિલાઓ, ખેડૂતો અને વંચિત વિભાગો જેવા **સમુદાયો**ને પણ આવરી લેશે.

આ માર્ગદર્શિકાનો ઉદ્દેશ્ય ઉપયોગકર્તા માટે ડિજીટલ નાણાંકીય સેવાઓ અને તેના પ્રકારો સમજવા માટે માહિતી પ્રદાન કરવાનો છે જે સેવાઓનો ઉપયોગ દેશની સામાન્ય જનતા દ્વારા કરવામાં આવી શકે છે.

## 4. ડિજીટલ નાણાંકીય સેવાઓ


ડિજીટલ નાણાંકીય સમાવેશ સમાજના પછાત અને વંચિત વિભાગો દ્વારા ડિજીટલ વપરાશ તથા ઔપચારિક નાણાંકીય સેવાઓનો ઉપયોગ કરવા અંગે સંદર્ભિત છે. આ હેતુ પૂર્ણ કરવા માટે, પ્રસ્તુત કરેલ સેવાઓને ડિજીટલ નાણાંકીય સેવાઓ (ડીએફએસ) તરીકે ઓળખવામાં આવે છે. તે ગ્રાહકની જરૂરિયાતોને અનુકૂળ બનાવવામાં આવી છે અને ગ્રાહકો માટે કિફાયતી તથા પ્રદાતાઓ માટે ટકાઉ હોય તેવી કિંમત પર જવાબદારીપૂર્વક વિતરિત કરવામાં આવે છે. કોઈપણ ડિજીટલ નાણાંકીય સેવાઓના ત્રણ મુખ્ય ઘટકો હોય છે: એક ડિજીટલ વ્યવહાર મંચ, રિટેલ એજન્ટ્સ અને મંચ દ્વારા લેવડદેવડ/વ્યવહાર કરવા માટે ગ્રાહકો અને એજન્ટ્સના સાધન, સામાન્ય રીતે મોબાઈલ ફોન, દ્વારા ઉપયોગ.

તે એવું માધ્યમ છે જેના દ્વારા *બેંકરહિત* જનતા ડિજીટલ ચેનલો મારફતે નાણાંકીય સેવાઓ સુધી ઝડપથી પહોંચી રહી છે. બેન્કો, માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓ, મોબાઈલ ઓપરેટર્સ, અને થર્ડ પાર્ટી પ્રદાતાઓ વધુ અનુકૂળતાએ, પરંપરાગત બેન્કિંગ કિંમતો કરતાં ઓછા ભાવે મૂળભૂત નાણાંકીય સેવાઓ રજૂ કરવા માટે એજન્ટ્સના નાના નાના નેટવર્કોની સાથે સાથે મોબાઈલ ફોન, પોઈન્ટ-ઓફ-સેલ સાધનોનો લાભ લઈ રહ્યા છે.

આ માર્ગદર્શિકામાં ચર્ચાયેલા ડીએફએસના મુખ્ય પ્રકારો નીચે મુજબ છે:

1. કાર્ડ્સ
2. યુએસએસડી
3. એઈપીએસ
4. યુપીઆઈ
5. વોલેટ

## 4.1. કાર્ડ્સ




### 4.1.1. કાર્ડ્સ શું છે?

કાર્ડ્સ સામાન્ય રીતે બેન્કો દ્વારા જારી કરવામાં આવે છે અને તેમને તેમની ફાળવણી, ઉપયોગ અને કાર્ડધારક દ્વારા ચૂકવણીણા આધારે વર્ગીકૃત કરી શકાય છે. કાર્ડસ ત્રણ પ્રકારના હોય છે: ડેબિટ કાર્ડ્સ, ક્રેડિટ કાર્ડસ અને પ્રિપેડ કાર્ડસ.

### 4.1.2. કાર્ડ્સના જુદાજુદા પ્રકારો ક્યા ક્યા છે?

1. **પ્રિપેડ કાર્ડ્સ:** આ કાર્ડ્સમાં ગ્રાહકના બેંક ખાતા તરફથી પહેલેથી રકમ ફાળવેલી હોય છે. મર્યાદિત રકમની લેવડદેવડ માટે વાપરી શકાય છે. તેમને મોબાઈલની રિચાર્જ કરાવી શકાય છે. ઉપયોગ માટે સુરક્ષિત.

2. **ડેબિટ કાર્ડ્સ:** બેંક દ્વારા જારી કરાય છે જ્યાં આપનું ખાતું છે. બેંક ખાતા સાથે જોડાયેલ હોય છે. ડેબિટ કાર્ડ્સ ખાતા ધારકો (ચાલુ/બચત/ઓવરડ્રાફ્ટ) ને જારી કરવામાં આવે છે અને કરવામાં આવેલ કોઈપણ ખર્ચ તુરંત ઉપયોગકર્તાના ખાતે ઉધરાઈ જાય છે. ઉપયોગકર્તા આ કાર્ડનો ઉપયોગ પોતાના બેંક ખાતાની મર્યાદા સુધીની રોકડ ઉપાડવા માટે કરી શકે છે. તેનો ઉપયોગ એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ માટે માત્ર સ્થાનિક ભંડોળ ટ્રાન્સફર માટે પણ કરી શકાય છે.

3. **ક્રેડિટ કાર્ડ્સ:** આ કાર્ડ્સ આરબીઈ દ્વારા પ્રમાણિત બેન્કો/અન્ય સંસ્થાઓ દ્વારા જારી કરવામાં આવે છે. તેનો ઉપયોગ સ્થાનિક સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તરે (બશર્તે તેને આંતરરાષ્ટ્રીય ઉપયોગ માટે સક્ષમ બનાવવામાં આવેલ હોય.) કરી શકાય છે. ડેબિટ કાર્ડ્સથી વિપરીત, ક્રેડિટ કાર્ડ્સના કિસ્સામાં, ગ્રાહક તેના બેંક ખાતામાં મૌજૂદ પૈસાની રકમથી વધુની રકમ પણ ઉપાડી શકે છે. પરંતુ દરેક ક્રેડિટ કાર્ડ માટે એક મર્યાદા હોય છે જે મર્યાદા સુધીના જ વધારાના નાણાં ઉપાડી/કાઢી શકાય છે.

વળી, અહીં સમય મર્યાદા પણ હોય છે જે સુધી ઉપાડેલા વધારાના નાણાં પરત ચૂકવવામાં આવવા જોઈએ. નાણાંની આ રકમ બેન્કને કાર્ડને જારી કરનારને લાગુ પડતા વ્યાજ સાથે પરત ચૂકવવામાં આવે છે, નિર્ધારિત અવધિથી પાર વિલંબના કિસ્સામાં.

### 4.1.3. ડેબિટ/ક્રેડિટ કાર્ડ્સનો ઉપયોગ કેવી રીતે કરવો?

1. એટીએમમાંથી પૈસા ઉપાડવા માટે, ઉપયોગકર્તાએ પોતાનું ડેબિટ/ક્રેડિટ કાર્ડ દાખલ કરવાનું અને બેંક દ્વારા આપવામાં આવેલ પોતાના અનન્ય પિન નંબર (૪ અંક) ટાઈપ કરવાનો હોય છે. પ્રતિ દિવસ ઉપાડી શકાતી મહત્તમ રકમ બેંક દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે.

2. ડેબિટ કાર્ડ સાથે, ઉપયોગકર્તા અન્ય નાણાંકીય અને બિન-નાણાંકીય વ્યવહારો કરવા માટે એટીએમનો પણ ઉપયોગ કરી શકે છે જેવાકે ખાતાનું બેલેન્સ જાણવા, ચેક અથવા પૈસા જમા કરવા, મિની સ્ટેટમેન્ટ મેળવવા, વ. અને તે પણ બેન્કની શાખામાં ગયા વિના.

3. મોટા રિટેલ સ્ટોર્સ અને દુકાનોમાં ખરીદી કરતી વખતે, નીચેની પ્રક્રિયા અનુસરો:




### 4.1.4. શા માટે મારે આ કાર્ડ્સનો ઉપયોગ કરવો જોઈએ?

- તમારા કાર્ડનો કોઈપણ સ્થળે ખરીદી કરવા માટે ઉપયોગ કરો.
- તેનો ઉપયોગ દુકાનો, એટીએમ, વોલેટ્સ, માઈક્રો એટીએમ, ઓનલાઈન ખરીદીની ચૂકવણી માટે કરી શકાય છે.
- ડેબિટ અને ક્રેડિટ બંને કાર્ડસનો ઉપયોગ એટીએમમાંથી રોકડ ઉપાડવા, પોઈન્ટ-ઓફ-સેલ (પીઓએસ) ખાતે સામાન અને સેવાઓની ખરીદી કરવા તથા ઓનલાઈન ખરીદી માટે કરી શકાય છે.
- તમામ પ્રકારના યુટીલીટી બિલોની ચૂકવણી માટે વાપરી શકાય છે.
- ઉપભોક્તા ટિકિટો (હવાઈ/રેલવે/બસ), હોટલ બુક કરાવી શકે છે અને ચૂકવણીઓ કરવા રેસ્ટોરન્ટ્સ ખાતે પણ વાપરી શકાય છે.


* પોતાના કાર્ડનો ઉપયોગ કોઈપણ સ્થળે કોઈપણ સેવા માટેની ચૂકવણી કરવા માટે કરો જ્યાં કાર્ડ રીડર/પીઓએસ મશીન છે.

### 4.1.5. કાર્ડ કેવી રીતે મેળવવું?

ઉપભોક્તાઓ ડેબિટ/રૂપે/ક્રેડિટ કાર્ડ્સ માટે તમામ જાહેર તેમજ ખાનગી ક્ષેત્રની બેન્કોમાં અરજી કરી શકે છે.

* નાગરિકો પોતાની સંબંધિત બેંક શાખામાં અરજી રજૂ કરીને ડેબિટ કાર્ડ મેળવી શકે છે.
* નાગરિકો પોતાના ડેબિટ કાર્ડ્સને રૂપે કાર્ડ સાથે બદલી પણ શકે છે.
* નાગરિકો જેમની પાસે બેંકમાં ખાતું નથી તેઓએ કાર્ડ મેળવવા માટે પહેલાં ખાતું ખોલાવવાનું રહે છે.
* સરકારી આદેશો અનુસાર, તમામ જન ધન ખાતા ધારકોને પણ રૂપે કાર્ડ્સ જારી કરવામાં આવશે.

## 4.2. યુએસએસડી (અનસ્ટ્રક્ચર્ડ સપ્લીમેન્ટરી સર્વિસ ડેટા)




### 4.2.1. યુએસએસડી શું છે?

યુએસએસડીનું આખું નામ અનસ્ટ્રક્ચર્ડ સપ્લીમેન્ટરી સર્વિસ ડેટા છે. તે એવી સેવા છે જેનું લક્ષ્ય બેન્કિંગ સેવાઓને દેશના દરેક સામાન્ય માણસ સુધી લઈ જવાનું છે. આ સેવા દરેક ગ્રાહકને એક એકલ નંબર વડે બેન્કિંગ સેવાઓનો ઉપયોગ કરવા દે છે, ટેલિકોમ સેવા પ્રદાતા, મોબાઈલ નિર્માતા અથવા પ્રદેશને ધ્યાનમાં લીધા વિના. તે એક ટૂંકા કોડ *99# પર નેશનલ યુનીફાઈડ યુએસએસડી પ્લેટફોર્મ (એનયુયુપી) મારફતે રજૂ કરવામાં આવે છે. તેનો ઉપયોગ પ્રતિ દિન પ્રતિ ગ્રાહક રૂ.૫૦૦૦ સુધીની ચૂકવણીઓ માટે કરી શકાય છે.

### 4.2.2. તમારે શેની જરૂર છે?

- બેંકમાં ખાતું
- જીએસએમ નેટવર્ક પર કોઈપણ મોબાઈલ ફોન
- ઉપભોક્તાઓના ખાતામાં બેંકમાં નોંધાયેલ મોબાઈલ નંબર હોવો જોઈએ.

### 4.2.3. હું તેનો ઉપયોગ કેવી રીતે કરું?

1. તમારા મોબાઈલ નંબરને તમારા બેંક ખાતા સાથે લિંક કરવા પોતાની બ્રાન્ચમાં જાઓ (એટીએમ ખાતે અથવા ઓનલાઈન પણ થઈ શકે છે)
2. તમને મોબાઈલ મની આઈડેન્ટીફાયર (એમએમઆઈડી) અને મોબાઈલ પિન (એમપીઆઈએન) મળશે
3. એમપીઆઈએન યાદ રાખો

### 4.2.4. યુએસએસડીના ફાયદા કયા કયા છે?




### 4.2.5. યુએસએસડી સુવિધાના ઉપયોગ માટેના પગલાં

આ પોતાના ફોન પરથી પોતાનું પ્રિપેડ બેલેન્સ ચેક કરવા જેટલું સરળ છે! તેનો વ્યવહાર એક સામાન્ય મોબાઈલ ફોન પર ઉપર પણ શક્ય છે.

- તમારા મોબાઈલને તમારા બેંક ખાતા સાથે લિંક કરો
- તમારા ફોન પરથી *99# ડાયલ કરો
- ટૂંકા નામની સામે તમારી બેન્કના નામના પહેલાઉ અક્ષરો ભરો અથવા આઈએફએસસીના પહેલા ૪ અક્ષરો
- "ફંડ-ટ્રાન્સફર-એમએમઆઈડી" વિકલ્પ પસંદ કરો

- પ્રાપ્તકર્તાનો મોબાઈલ નંબર અને એમએમઆઈડી દાખલ કરો
- રકમ અને તમારો એમપિન દાખલ કરો, એક જગ્યા છોડો અને તમારા ખાતા નંબરના છેલ્લા ૪ અંક દાખલ કરો

ઉપર જણાવેલ પગલાં કરવાથી તમે તમારા પૈસા ટ્રાન્સફર કરવા સક્ષમ બનશો.

### 4.2.6. ઉપલબ્ધ સેવાઓ:

#### *4.2.6.1. બિન-નાણાંકીય સેવાઓ:*


- ✓ **બેલેન્સ તપાસ** - ઉપયોગકર્તા મોબાઈલ નંબર સાથે લિંક કરેલ બેંક ખાતાનું ઉપલબ્ધ બેલેન્સ તપાસી શકે છે.
- ✓ **મિની સ્ટેટમેન્ટ** - ઉપયોગકર્તા મોબાઈલ નંબર સાથે લિંક કરેલ બેંક ખાતાનું મિની સ્ટેટમેન્ટ મેળવી શકે છે.
- ✓ **એમએમઆઈડી જાણો *(મોબાઈલ મની આઈડેન્ટીફાયર)** - ઉપયોગકર્તા મોબાઈલ બેન્કિંગ નોંધન દરમિયાન ખાતાને બેંક દ્વારા ફાળવવામાં આવેલ એમએમઆઈડી જાણી શકે છે.
- ✓ **એમ-પિન ઉત્પન્ન કરો/બદલો** - ઉપયોગકર્તા એમ-પિન (મોબાઈલ પિન) ઉત્પન્ન કરે શકે છે/બદલી શકે છે જે એક પાસવર્ડ જેવું હોય છે અને નાણાકીય વ્યવહારોને અધિકૃત બનાવવા માટે વપરાય છે.

#### *4.2.6.2. નાણાંકીય સેવાઓ:*

- ➢ **મોબાઈલ નંબર અને એમએમઆઈડીના ઉપયોગથી ફંડ ટ્રાન્સફર** - ઉપયોગકર્તા લાભકર્તાના એમએમઆઈડી અને મોબાઈલ નંબરના ઉપયોગથી ફંડ ટ્રાન્સફર કરી શકે છે.
- ➢ **આઈએફએસસી અને ખાતા નંબરના ઉપયોગથી ફંડ ટ્રાન્સફર** - ઉપયોગકર્તા લાભકર્તાનો આઈએફએસસી કોડ અને ખાતા નંબર દાખલ કરીને ફંડ ટ્રાન્સફર કરી શકે છે.

તમે વધુ સૂચનાઓ માટે તમારી સંબંધિત બેન્કની વેબસાઈટનો સંદર્ભ લઈ શકો છો.

## 4.3. એઈપીએસ (આધાર ઈનેબલ પેમેન્ટ સિસ્ટમ)




### 4.3.1. એઈપીએસ શું છે?

એઈપીએસનું આખું નામ આધાર ઈનેબલ પેમેન્ટ સિસ્ટમ છે. તે એક ચૂકવણી પ્રણાલી છે જે એક બેંક ગ્રાહકને તેના સંબંધિત આધાર સક્રિય બેંક ખાતાનો ઉપયોગ કરવા પોતાની ઓળખ તરીકે પોતાના આધારનો ઉપયોગ કરવા અને મૂળભૂત બેન્કિંગ વ્યવહારો કરવા માટે સક્ષમ બનાવે છે. તે બેન્કિંગ કોરસ્પોન્ડન્ટ (બીસી) / વીએલઈની મદદથી પીઓએસ (માઈક્રોએટીએમ) ખાતે બેંક-થી-બેંક વ્યવહાર કરવા દે છે. ઉપયોગકર્તાએ બેંક ખાતે તેમના આધાર નંબર સાથે અથવા બીસી / વીએલઈની મદદથી પોતાનું ખાતું માંગવાનું હોય છે. ઉપયોગકર્તા કોઈપણ પિન અથવા પાસવર્ડ વિના કોઈપણ એઈપીએસ પોઈન્ટ પર ચાહે એટલા વ્યવહારો કરી શકે છે.

### 4.3.2. એઈપીએસ સક્રિય બનાવવા મારે શેની જરૂર છે?

વ્યવહાર એઈપીએસ કરવા માટે એક ગ્રાહક માટે આવશ્યક ઈનપુટ્સ છે:

- આઈઆઈએન (એ બેન્કને ઓળખવી જેને સાથે ગ્રાહક જોડાયેલો છે)
- આધાર નંબર
- તેમની નોંધણી દરમિયાન લેવામાં આવેલ ફિંગરપ્રિન્ટ

### 4.3.3. શા માટે મારો એનો ઉપયોગ કરવો જોઈએ?

એઈપીએસ સાથે તમે નીચેના પ્રકારના બેન્કિંગ વ્યવહારો કરી શકો છો:

- બેલેન્સ તપાસ
- રોકડ ઉપાડ
- રોકડ જમા

- આધારથી આધાર ફંડ ટ્રાન્સફર
- એઈપીએસ વડે વાજબી ભાવની દુકાનોમાંથી ખરીદી


### 4.3.4. એઈપીએસ વ્યવહાર માટેના મુખ્ય પગલાં નીચે મુજબ છે:




### 4.3.5. શા માટે મારો એનો ઉપયોગ કરવો જોઈએ?

- ❖ આધાર નંબર અને ફિંગરપ્રિન્ટ્સના ઉપયોગથી લાભ મેળવવા માટે ઉપયોગમાં સરળ, સુરક્ષિત અને સલામત ચૂકવણી પ્લેટફોર્મ
- ❖ વ્યક્તિની વસ્તી વિષયક અને બાયોમેટ્રિક / આંખની કીકીની માહિતીને આધારે, તે કોઈપણ છેતરપિંડી અને બિન-વાસ્તવિક પ્રવૃત્તિના ખતરાને દૂર કરે છે.
- ❖ આધાર અધિકૃતતાના ઉપયોગથી સરકારી હકદારીઓ જેવીકે નરેગા, સામાજિક સુરક્ષા પેન્શન, કોઈપણ કેન્દ્રિય કે રાજ્ય સરકારની સંસ્થાઓના વિકલાંગ વૃદ્ધાવસ્થા પેન્શન, વ.ની ચૂકવણીઓની સુગમતા.
- ❖ બેન્કોની વચ્ચે એક સુરક્ષિત અને સલામત રીતે આંતર-સંચાલનની સુગમતા.
- ❖ પોતાની શાખાના નેટવર્કને પાર ગ્રાહકોને સમજવા માટે નાણાંકીય સેવાઓના વિસ્તરણ માટે બેન્કોને સક્ષમ બનાવે છે કારણકે બીસીના લાભકર્તાઓ મોટેભાગે બેંકરહિત અને બેન્કની ઓછી સુવિધા ધરાવતા વિસ્તારોમાં રહે છે.
- ❖ હાલમાં વ્યવહાર ઉપર કોઈ ચાર્જ લગાવવામાં આવતો નથી.
- ❖ બેંક ખાતા નંબર યાદ રાખવાની જરૂર રહેતી નથી.
- ❖ બાયોમેટ્રિક સાધન ધરાવતા ગ્રાહકો ઘરે જ કમ્પ્યૂટર, એન્ડ્રોઇડ ફોન/ટેબલેટ્સ ના ઉપયોગથી વ્યવહારો કરી શકે છે. ઈનબિલ્ટ બાયોમેટ્રિક સાધનો ધરાવતાં કેટલાક ટેબલેટ્સ ઉપલબ્ધ છે અને તેમનો ઉપયોગ વ્યવહારો કરવા માટે કરી શકાય છે.

## 4.4. યુપીઆઈ (યુનીફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ)




### 4.4.1. યુપીઆઈ શું છે?

યુપીઆઈનું આખું નામ છે યુનીફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ. તે ઉપયોગકર્તાના સ્માર્ટ ફોન મારફતે ત્વરિત, ઈલેક્ટ્રોનિક ચૂકવણીઓ માટેની એક પ્રણાલી છે. તે તત્કાલ ચૂકવણી સેવા (આઈએમપીએસ)નું એડવાન્સ્ડ સંસ્કરણ છે જેનો ઉપયોગ બેંક ખાતાઓ વચ્ચે નાણા ટ્રાન્સફર કરવા માટે કરવામાં આવતો હતો. આઈએમપીએસની જેમ, યુપીઆઈ ચોવીસે કલાક ફંડ ટ્રાન્સફર સેવાની સગવડ આપશે.

- તે ઉપયોગકર્તાની ઓળખને અધિકૃત બનાવે છે જેવી રીતે ડેબિટ કાર્ડ એક અલગ કાર્ડને બદલે ફોનનો ઉપયોગ એક સાધન તરીકે કરીને એવું કરે છે.
- તે ચોવીસે કલાક, વર્ષભર કામ કરે છે.

### 4.4.2. તમારે શેની જરૂર છે?

- યુપીઆઈ એપ્લિકેશન (એપ) સાથેનો એક સ્માર્ટ ફોન
- એક બેંક ખાતું

### 4.4.3. તે કેવી રીતે કામ કરે છે?

**યુપીઆઈ મારફતે ઓનલાઈન વ્યવહારો કરવા માટેના 3 સરળ પગલાંની પ્રક્રિયા**

**નોંધણી**

- પોતાની બેન્કની એપ ડાઉનલોડ કરો
- પોતાના ખાતાની વિગતો સાથે નોંધણી કરવો અને પોતાના નામ અથવા ફોન નંબર વડે એક આભાસી આઈડી બનાવો
- એક-વખતની પ્રક્રિયા

**ઓનલાઇન ખરીદી**

- પોતાના કાર્ટમાં ખરીદવા ઈચ્છતા હોવ તે વસ્તુ દાખલ કરો
- ચૂકવણી વિકલ્પો પર જાઓ અને યૂપીઆઇ મારફતે ચૂકવણીનો વિકલ્પ પસંદ કરો
- વેપારીને માત્ર તમારો આભાસી આઈડી આપો.

**મોબાઈલ અધિકૃતતા**

- તમને તમારા ફોનની યૂપીઆઇ એપ પર એક પોપ-અપ વિન્ડો દેખાશે જે ઓનલાઇન ખરીદી માટે તમારી મંજૂરી મંગાશે.
- સિક્યોર પિન દાખલ કરો
- સફળ વ્યવહારની પુષ્ટિ અંગેની સૂચના તમારા ફોન પર મોકલવામાં આવશે

### 4.4.4. વિશેષતાઓ અને લાભ કયા કયા છે?

- યુપીઆઈ ઉપયોગકર્તાનું નામ, બેંક ખાતા નંબર, આઈએફએસસી કોડ, અથવા બેંક શાખાની માહિતી શેર કરવાની જરૂરિયાતને દૂર કરે છે.
- યુપીઆઈ ડેબિટ કાર્ડ્સ જેવા ભૌતિક સાધનોના ઉપયોગને પણ દૂર કરે છે.
- નેટ-બેન્કિંગ જેવી બહુવિધ પગલાંની પ્રક્રિયાઓના ઉપોયોગની જરૂર નથી, જ્યાં અસુરક્ષિત ફ્રેમવર્કસને કારણે ફીશીંગ થવાની શક્યતાઓ હોય છે.
- અત્યંત સરળ ઉપયોગ અને કોઈપણ વ્યક્તિ દ્વારા ઉપયોગ કરી શકાય છે.
- ત્વરિત અને સુરક્ષિત અધિકૃતતા તથા ગમે ત્યાંથી દાખલ કરી શકાય છે.
- સંપૂર્ણપણે કેશલેસ ડિજીટલ સમાજ માટેનો રસ્તો ખોલે છે.
- નાણાં માટેની વિનંતી મોકલવા માટે પણ ઉપયોગ કરી શકાય છે, જેમકે એક ઈનવોઇસ.
- ગ્રાહકો યુટીલીટી બિલ્સની ઓનલાઈન અને શાળાની ફીની ચૂકવણીઓ માટે પણ યુપીઆઈનો ઉપયોગ કરી શકે છે.


## 4.5. ઈ-વૉલેટ




### 4.5.1. ઈ-વૉલેટ શું છે?

ઈ-વૉલેટનું આખું નામ છે ઈલેક્ટ્રોનિક વૉલેટ. તે એક પ્રકારનું ઈલેક્ટ્રોનિક કાર્ડ છે જેનો ઉપયોગ કોઈ કમ્પ્યૂટર અથવા સ્માર્ટફોન મારફતે ઓનલાઈન વ્યવહારો કરવા માટે થાય છે. ઈ-વૉલેટની ઉપયોગિતા ક્રેડિટ કે ડેબિટ કાર્ડની ઉપયોગિતા જેવી છે. ચૂકવણીઓ કરવા માટે ઈ-વૉલેટને વ્યક્તિના બેંક ખાતા સાથે જોડવું જરૂરી છે. ઈ-વૉલેટનો મુખ્ય ઉદ્દેશ્ય પેપરલેસ નાણા વ્યવહારને વધુ સરળ બનાવવાનો છે.

### 4.5.2. ઈ-વૉલેટની વિશેષતાઓ



### 4.5.3. તે કેવી રીતે કામ કરે છે?

ઈ-વોલેટમાં મુખ્યત્વે બે ઘટકો હોય છે, સોફ્ટવેર અને માહિતી.

*સોફ્ટવેર ઘટક* વ્યક્તિગત માહિતીનો સંગ્રહ કરે છે અને ડેટાની સુરક્ષા તથા એન્ક્રિપ્શન પ્રદાન કરે છે જ્યારે *માહિતી ઘટક* ઉપયોગકર્તા દ્વારા આપવામાં આવેલી વિગતોનો એક ડેટાબેઝ છે જેમાં સામેલ છે તેઓના નામ, પહોંચાડવાનું સરનામું, ચૂકવણી પદ્ધતિ, ચૂકવવાપાત્ર રકમ, ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ વિગતો, વ.

### 4.5.4. હું ઈ-વોલેટનો ઉપયોગ કેવી રીતે કરું?

#### *4.5.4.1. ઉપભોક્તા માટે:*

- તમારા સાધન પર એપ ડાઉનલોડ કરો.
- સુસંગત માહિતી આપીને સાઈન-અપ કરો. ઉપયોગકર્તા એક પાસવર્ડ પ્રાપ્ત કરશે.
- ડેબિટ/ક્રેડિટ કાર્ડ અથવા નેટબેન્કિંગના ઉપયોગથી નાણા લોડ કરો.
- ઓનલાઈન ખરીદી કર્યા પછી, ઈ-વોલેટ આપમેળે ઉપયોગકર્તાની માહિતી ચૂકવણી પત્રકમાં ભરે છે.
- એકવાર ઓનલાઈન ચૂકવણી થઈ જાય પછી, ઉપયોગકર્તાએ અન્ય કોઈ વેબસાઈટ પર ઓર્ડર ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી કારણકે માહિતી ડેટાબેઝમાં સંગ્રહિત થઈ જાય છે અને આપમેળે અદ્યતન બને છે.

#### *4.5.4.2. વેપારી માટે:*

- વેપારી પોતાના સાધન પર એપ ડાઉનલોડ કરે છે
- સુસંગત માહિતી આપીને સાઈન-અપ કરો. ઉપયોગકર્તા એક પાસવર્ડ પ્રાપ્ત કરશે.
- સ્વયંને એક વેપારી તરીકે ઘોષિત કરો.
- ચૂકવણીઓ સ્વીકારવાનું શરૂ કરો.

#### *4.5.4.3. મારે ઈ-વોલેટનો ઉપયોગ શરૂ કરવા માટે શેની જરૂર છે?*

1. બેંક ખાતું
2. સ્માર્ટ ફોન
3. 2G/3G/4G જોડાણ
4. એક ફ્રી વોલેટ એપ

#### *4.5.4.4. નીચેની બાબતોનું ધ્યાન રાખવું જોઈએ*

✓ દરેક વ્યવહાર માટે એસએમએસ દ્વારા નિયમિત માહિતી મેળવવા માટે પોતાના મોબાઈલ નંબરને બેંકમાં નોંધાવો
✓ ક્યારેય પોતાના પિનને અન્ય સાથે વહેંચવી નહીં
✓ માત્ર વિશ્વાસુ વેપારીઓ સાથે જ વ્યવહાર કરવો
✓ એટીએમ ખાતે, ખાતરી કરો કોઈપણ તમારા ખભા ઉપરથી (તમારી દાખલ થયેલ માહિતી) જોઈ રહ્યું નથી.

## 5. વીએલઈઓ અને પ્રોજેક્ટમાં તેમની ભૂમિકા:

તાલીમબદ્ધ વીએલઈઓ પસંદગી માપદંડ અનુસાર સમુદાયને ઓળખશે અને કાર્યમાં પ્રવૃત્ત થશે, જે માપદંડ નીચે મુજબ છે:

1. પંચાયત પ્રતિનિધિઓની સલાહ સાથે દરેક ઘરમાંથી એક વ્યક્તિને પસંદ કરવામાં આવશે;

2. દરેક સીએસસી ૪૦ સહભાગીઓને આવરી લેશે, દરેક ઘરમાંથી એક એટલે કે દરેક સીએસસી કેચમેન્ટ વિસ્તારમાંથી ૪૦ ઘરને આવરી લેશે.
3. દરેક સીએસસી દ્વારા સરેરાશ ૪૦ નાગરિકો માટે ખાતાનું સક્રિયકરણ.
4. વીએલઈ ડિજીટલ ચૂકવણી પ્લેટફોર્મના ઉપયોગ અને ખાતું સક્રિય બનાવવામાં પોતાની મદદ માટે પ્રતિ પંચાયત સરેરાશ ૧૦ વેપારીઓને આવરી લેશે.
5. સરકારી કર્મચારીઓ અને અન્યો માટે ડિજીટલ નાણાંકીય પ્લેટફોર્મ્સ પર જિલ્લા સ્તરે અને તાલુકા સ્તરે જાગૃતિ.
6. વીએલઈઓ તાલીમ બાદ કેશલેસ સુવિધાના ઉપયોગથી નાગરિકોના પુરાવા/રેકોર્ડ્સ એકત્ર કરશે.
7. વીએલઈઓ આ પ્રોજેક્ટને લગતી બધી માહિતી સીએસસી-એસપીવિ દ્વારા વિકસિત ઓનલાઈન મોનિટરિંગ ટૂલ પર અપલોડ કરશે.




8. વીએલઈ ડિજીટલ નાણાંકીય જાગૃતિ/વપરાશને પ્રોત્સાહન આપવા માટે અન્ય નવા રસ્તાઓનો ઉપયોગ કરશે. વીએલઈ નીચેની પ્રવૃત્તિઓ કરી શકે છે:
   a. શાળાઓ/કોલેજોની મુલાકાત લેવી અને વિદ્યાર્થીઓને સાધનો/તકનીકો અપનાવવા માટે સમજાવવા.
   b. જાગૃતિ પેદા કરવા માટે એનએસએસ સ્વયંસેવકનો ઉપયોગ કરવો
   c. સ્વ-સહાયતા જૂથો અને અન્ય સ્વયંસેવી સંગઠનોને ગતિશીલ બનાવવાં
   d. સ્થાનિક સરકારી એજન્સીઓના સહયોગથી મેરેથોનનું આયોજન કરવું
   e. જાગૃતિ ફેલાવવા માટે વેપારી સંઘ/વિક્રેતાઓ/ફેરિયાઓ સાથે બેઠક યોજવી
   f. બજારના દિવસોમાં બજારની મુલાકાત લેવી અને ફેરિયાઓ/વિક્રેતાઓને કેશલેસ વ્યવહારો અપનાવવા માટે સક્ષમ બનાવવા
   g. ખેડૂતો અને મંડીઓ સાથે કામ કરવું

### 5.1. વીએલઈ સમાજની ભૂમિકા

- વીએલઈ સમાજ સંબંધિત જિલ્લાઓને 'કેશલેસ' બનાવવામાં મદદ કરશે જ્યારે વીએલઈ પંચાયતો/સ્થાનિક વિસ્તારને 'કેશલેસ' બનાવવામાં મદદ કરી શકે છે.

### 5.2. ઈન્સેન્ટીવ્ઝ

- વીએલઈ અને સંબંધિત સમાજને પંચાયત/સમાજને કેશલેસ બનાવવા માટે પુરસ્કારો આપવામાં આવશે.

### 5.3. વીએલઈઓ માટે સૂચનો

- એક નોંધપાત્ર પાસું છે દરેક વિક્રેતા/વેપારી/ફેરિયાને ડિજીટલ નાણાંકીય તકનીકો/સાધનો નો ઉપયોગ કરવા/અપનાવવા માટે સક્ષમ બનાવવા. જ્યારે વ્યવહાર પોઈન્ટ્સ પાસે કેશલેસ વ્યવહાર કરવા માટેની આ સુવિધાઓ હશે, નાગરિક દ્વારા તેના સ્વીકારને સરળતાથી સંબોધી શકાશે.
- નાગરિકોને પણ માત્ર ડિજીટલ સાધનો મારફતે ચૂકવણીઓ કરવા પ્રોત્સાહિત/પ્રેરિત કરવામાં આવશે.
- એક વ્યાપક વિસ્તાર આધારિત અભિગમ અન્યો માટે અપનાવવા અને સ્વીકારવા માટેના એક ઉત્તેજન/મોડલ તરીકે કામ કરી શકે છે.

## 6. સમર્થન

સીએસસી-એસપીવી જિલ્લા પ્રબંધકો/રાજ્ય ટીમ અને જિલ્લા સ્તરે એનઆઈસીના જિલ્લા માહિતી અધિકારી (ડીઆઈઓ) વીએલઈઓ અને વીએલઈ સમાજને ઈચ્છિત ઉદ્દેશની પ્રાપ્તિ માટે સક્ષમ બનવામાં ઈચ્છિત સમર્થન પ્રદાન કરશે.

## વીએલઈ દ્વારા ઉપયોગમાં આવનાર બેનર:






વધુ માહિતી માટે, ટોલ ફ્રી નંબર **180030003468** ફોન કરો અથવા ઇમેઇલ

**education@csc.gov.in**

CSC
e-Governance Services India Limited


**CSC e-Governance Services India Limited**
**3rd Floor, Electronics Niketan, 6 CGO Complex,**
**Lodhi Road, New Delhi- 110003**